# વિજાપુર-ઈડર બાયપાસ માર્ગ પરથી ૨૯ પશુઓ ભરેલા પાંચ વાહનો પોલીસે ઝડપ્યા

## ૧૧ ઈસમો સહિત ૧૩.૭૨ લાખનો મુદ્દામાલ કબજે

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર વિજાપુર-ઈડર બાયપાસ માર્ગ પર વહેલી સવારે જીવદયા પ્રેમી અને પોલીસ બંને મળી બાતમી આધારે ઈલોલ ચાર રસ્તા પરથી કતલખાને લઈ જવાતા પાંચ વાહનોમાંથી ૨૯ પશુઓને બચાવાયા હતા અને ૧૧ ઈસમોને પકડી પાડી પશુઓ સહીત ૧૩ લાખ ૭૨ હજારનો મુદ્દામાલ કબજે લઈ પશુઓને ઈડર પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા જ્યારે તમામ ૧૧ ઈસમો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદમાં રૂપાજીવાસમાં રહેતા અખિલ ભારતીય ગૌસવર્ધન સેવા ટ્રસ્ટના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સોંકાભાઈ મોડાનભાઈ દેસાઈ બાતમી મળેલ કે થરાદથી પશુઓ શહેરા કતલખાને લઈ જવાઈ રહ્યા છે તેથી તેમણે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકના પી.એસ.આઈ. જે.જી. ઝાલાનો સંપર્ક કર્યો હતો અને મંગળવારની રાત્રીના બાતમી વાળી ઈલોલ ચાર રસ્તા પર પોલીસ સાથે વોચ કરી રહ્યા હતા. દરમિયાન બુધવારના રોજ વહેલી સવારે ૩.૩૦ વાગેના સુમારે ઈલોલ તરફથી પાંચ વાહનો જેમાં બે જીપડાલા જીજે-૨-ઝેડ૧૯૮, જીજે-૨-વીવી-૨૧૩૫ બે મીની ટ્રક જીજે-૨-વાય-૫૦૦૦, જીજે-૫-વાય-૫૮૧૩ અને એક છોટા જીજે-૯-ઝેડ-૭૪૫૧માં ૨૫ જેટલા, બે પાડા અને બે ભેંસો મળી કુલ ૨૯ પશુઓ જુદા જુદા વાહનમાં ક્રુરતાપૂર્વક રીતે પાણી કે ઘાસચારા વગર બાંધીને થરાદથી શહેરા કતલખાને લઈ જતા પશુઓને વાહનો અને ૧૧ ઈસમો સાથે પકડી લીધા હતા અને તેમના વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે ૨૯ પશુઓના ૭૨ હજાર, પાછા વાહનોના ૧૩ લાખ મળી કુલ ૧૩ લાખ ૭૨ હજારનો મુદ્દામાલ કબજે લઈ ૧૧ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.તમામ જ્યારે પશુઓને ઈડરના પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા.

### પકડાયેલા ઈસમો

- જગદીશભાઈ કાલિદાસ લોધા (સરાણીયા) રહે. ડીસા, રેલવે સ્ટેશન પાસે
- કાન્તીભાઈ રમેશભાઈ સોધલ (સરાણીયા) રહે. વડગામડા, બનાસકાંઠા
- રાણાભાઈ અમરાભાઈ ચૌહાણ (સરાણીયા) રહે. વડગામડા, બનાસકાંઠા
- મનોજભાઈ સોરતાભાઈ રબારી (સરાણીયા) બનાસકાંઠા,
- દેવાભાઈ ખોડાભાઈ ચૌહાણ (સરાણીયા) રહે. વડગામડા, બનાસકાંઠા
- બબાભાઈ કેસરાજી નાયી રહે. જામડા, તા. થરાદ, બનાસકાંઠા
- બલવંતભાઈ પીરાભાઈ ચૌહાણ રહે. વડગામડા, બનાસકાંઠા
- મુકેશભાઈ હીરાભાઈ ચૌહાણ રહે. વડગામડા, બનાસકાંઠા
- સાદીકભાઈ હસનભાઈ મુલતાની - રહે. રાણાસૈયદ, મોડાસા, સાબરકાંઠા
- અકીલભાઈ મોલાભાઈ મુલતાની રહે. રાણા સૈયદ, મોડાસા, સાબરકાંઠા

શબ્બીરભાઈ હસનભાઈ મુલતાની - રહે રાણા સૈયાદ, મોડાસા, સાબરકાંઠા



## દાંતીવાડાની બે કરિયાણા દુકાનમાં ફૂડ વિભાગના દરોડા

દાંતીવાડા તાલુકાના દાંતીવાડા ગામે આજે સવારના સમયે ખોરાક અને નિયંત્રણ વિભાગ પાલનપુરની ટીમે શંકાના આધારે જુદી જુદી બે કરિયાણાની દુકાનમાં દરોડા પાડી ઘી ના નમુના લઈ વધુ તપાસ હાથ ધરી છે. દાંતીવાડા ગામમાં આવેલી કૈન્યા કરિયાણા અને કોલોનીમાં આવેલ મહાકાળી કરિયાણામાં બાતમીના આધારે આજે પાલનપુર ખોરાક અને નિયંત્રણ વિભાગના અધિકારી વી.જે. ચૌધરી અને જે.જે. પ્રજાપતિએ ટીમના માણસો સાથે બન્ને દુકાનો પર શંકાના આધારે દરોડા પાડ્યા હતા અને મહાકાળી કરિયાણાની દુકાનમાંથી બાતમીવાળા બેચનના ઘી ના ડબ્બા મળ્યા ન હતા જ્યારે અન્ય એક કૈન્યા કરિયાણાની દુકાનમાં શંકા જતા તેમાંથી ઘીના નમૂના લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

## ડીસા તાલુકા પોલીસે તસ્કર ગેંગના સભ્યોને ૩ લાખના ચોરીના મુદ્દામાલ સાથે ઝડપ્યા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૯

ડીસા તાલુકા પોલીસે ગતરાત્રીએ નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન વાહન ચકાસણી હાથ ધરી હતી. જેમાં વિઠાદરગામના ચાર રસ્તા નજીક એક શંકાસ્પદ છોટા હાથી ગાડી આવતા તેને રોકી તપાસ કરતા તેમાંથી સીમેન્ટ તેમજ વાયરનો જથ્થો મળી આવ્યો હતો. આ મુદ્દામાલ પ્રાથમિક તપાસમાં ધાનેરાના માંડલ ગામે થયેલ ચોરીનો હોવાનું બહાર આવતા પોલીસે તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ છે. અને આ ગુનામાં સંડોવાયેલા તમામને તપાસ અર્થે ધાનેરા પોલીસને સોંપતા પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીઓને જેલ હવાલે કરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા ડીસા તાલુકા પોલીસ કર્મીઓ વિઠોદરગામ નજીક નાઈટ પેટ્રોલીંગમાં હતાં. ત્યારે વાહન ચકાસણી દરમીયાન એક શકમંદ છોટા હાથી ગાડી નં. જી.જે.૮.ઝેડ. ૩૬૮૯ લઈ કેટલાક ઈસમો આવતાં પોલીસે તેમને રોકી તલાસી લીધી હતી, જેમાં છોટા હાથીના પાછળના ભાગે રાખેલ ૭૨ બોરી સીમેન્ટ કીંમત રૂા. ૧૯,૮૦૦ તેમજ પાંનસો ફુટ ધાતુનો વાયર કીંમત રૂા. ૧૫,૦૦૦ મળી આવ્યા હતાં. આ મુદ્દામાલ શંકાસ્પદ જણાતા પોલીસે છોટા હાથી કીંમત રૂા. ૩ લાખ સહીતનો તમામ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કર્યો હતો. આ મામલે તે બાદની તપાસમાં બહાર આવ્યું હતું કે આ મુદ્દામાલ ધાનેરા તાલુકાના માંડલગામે ચાલતાં એક કંટ્રકશન કામનો હતો. જે ઝડપાયેલા શકમંદો ચોરી કરી લઈ જતા હતા. આ મામલે ધાનેરા પોલીસ મથકે ફરીયાદી મહેન્દ્રભાઈ રામજીભાઈ પુરોહીત રહે. ગામ. મેવાડા. તા. ધાનેરા વાળાઓએ ધાનેરા પોલીસ મથકે ગુનો દાખલ કરતાં ધાનેરા પોલીસે આરોપી વિક્રમસીંહ વાઘસીંહ ઠાકોર, સીદ્ધરાજ તલુભા વાઘેલા, સદુભા કીર્તુભા વાઘેલા, ચંદુભાઈ કુંવરજી વાઘેલા, માનભા શંકરજી વાઘેલા તમામ રહે. ઉંમરી. તા. કાંકરેજ તેમજ રવસીંહ ગલાબજી સોલંકી. રહે. ગામ. ખાંગણ તા. ધાનેરાવાળાઓ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ ૩૭૯,૧૧૪ મુજબ ગુનો દાખલ કર્યો હતો. અને આરોપીઓનો ડીસા તાલુકા પોલીસ પાસેથી કબજો મેળવી આ મામલે ધનીષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

## પ્રાંતિજ જૈન સમાજનું નાયબ કલેકટરને આવેદન પત્ર

### જૈન સાધુ-સાધ્વીઓને આરક્ષણ આપવા માંગ

પ્રાંતિજ, તા. ૯

ગુજરાતમાં વિવિધ સ્થળોએ જૈન સાધુ સંતો પર થયેલા હુમલા, હત્યા અને અકસ્માતની ઘટનાથી ગુજરાતનો જૈન સમાજ ભારે ખિન્ન થયો છે અને આ પ્રકારની ઘટના અટકાવવા અને સરક્ષણ સંદર્ભે સરકારનું ધ્યાન દોરવા માટે આજે પ્રાંતિજના જૈન સમાજ દ્વારા નાયબ કલેકટર આશાબેન શાહ મામલતદાર અને પી.આઈ.ને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના જૈન બંધુઓએ આ આવેદન પત્રમાં નેશનલ હાઈ-વે પર વિહાર કરતા જૈન સાધુ-સાધ્વીજીઓ, માતાઓ, મહંતો, મહારાજના થતા અકસ્માતો કરવામાં આવતા હુમલા તથા મોતને ઘાટ ઉતારી દેવાના બનાવો ચિંતાકારક હોઈ જૈન સમાજના આ તમામ સાધુઓને સરકાર આરક્ષણ પુરૂ પાડે તેમજ સતત પોલીસ પેટ્રોલીંગ અપાય તે માટે માંગણીઓ જૈન સમાજના આગેવાન દિલીપભાઈ કોઠારી, વિક્રમ શાહ, રશીકભાઈ વગેરેએ આવેદન પત્ર સુપ્રત કરી ઉચ્ચસ્તરીયે મોકલવા માંગણી કરી હતી.

## ગામડી ગામની સગીરા ગુમ થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગામડી ગામેથી ૧૦ દિવસ પહેલા સગીરા પોતાના ઘરેથી કહ્યા વગર જતી રહેતા સગીરાની માતાએ ગાંભોઈ પોલીસમથકે જાણ કરતા પોલીસે જાણવા જોગ નોંધી સગીરાની શોધખોળ શરૂ કરી દીધી હતી.

ગામડી ગામે એક ૧૫ વર્ષીય સગીરા ૩૦ ડિસેમ્બરના રોજ સવારે ઘરેથી કોઈપણ કારણોસર કોઈને પણ કહ્યા વગર ઘરેથી જતી રહેલ જે ઘરે પરત ના આવતા પરિવારજનોએ સગા સંબંધીઓને ત્યાં શોધખોળ કરી હતી પરંતુ ૧૦ દિવસ દરમિયાન કોઈ પણ ભાળ ન મળતા ૯મી જાન્યુઆરીને બુધવારના રોજ સગીરાની માતાએ ગાંભોઈ પોલીસમથકે જાણ કરતા પોલીસે માતાની જાણને આધારે જાણવાજોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ગ્રોમોર કેમ્પસમાં ઉત્તર ગુજરાતની ૨૪મી એથ્લેટિક મીટનો આજથી પ્રારંભ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના અગીયોલ નજીક આવેલ ગ્રોમોર કેમ્પસમાં બી.એડ. કોલેજના યજમાન પદે ત્રણ દિવસ ચાલનારા ઉત્તર ગુજરાતની ૨૪મી એથ્લેટિક મીટનો ગુરૂવારના રોજ પ્રારંભ થશે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને ગ્રોમોર કોલેજ ઓફ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે શરૂ થનારા ૨૪ એથ્લેટિક મીટ ૧૦ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી સુધી ચાલશે જેમાં ઉત્તર ગજુરાત યુનિવર્સિટીને સલગ્ન અંદાજે ૧૧૫ થી વધુ કોલેજના ૧૮૦૦ થી વધુ એથ્લેટ ભાગ લેનાર છે. આ અંગે ગ્રોમોર કેમ્પસના એલ.આર. પટેલ અને ભાઈલાલભાઈ પટેલે જણાવેલ કે એથ્લેટિકની વિવિધ રમતો માટે સંસ્થા દ્વારા મેદાન પર તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. વધુમાં જણાવેલ કે ૨૪મી એથ્લેટિક મીટના ઉદ્ઘાટન સમારોહમાં કોમન વેલ્થ ગેમ્સ (શુટિંગ)માં બ્રોન્જ મેડલ વિજેતા કુ. લજ્જા ગોસ્વામી, રાજ્યના પૂર્વ ગૃહમંત્રી-પ્રફુલભાઈ પટેલ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હેમિક્ષા રાવ, સહીત રાજ્યના શિક્ષણક્ષેત્રે અને રમત ગમત ક્ષેત્રના નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે. ત્રણ દિવસ ચાલનાર ૨૪ એથ્લેટિક મીટને વિવિધ કોલેજના ૧૦ હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ નિહાળશે.

## પાર્ક કરેલી બસમાંથી બેટરી ચોરાઈ

હિંમતનગર, તા. ૯

હિંમતનગર ખાતે આવેલ એસ.ટી. બસ સ્ટેશનમાં પાર્ક કરેલી એક બસમાંથી ચોર ઈસમો બે નંગ બેટરી ચોરી કરી લઈ ગયાની ફરીયાદ હિંમતનગર ટાઉન પોલીસમથકે નોંધાઈ છે. હિંમતનગર બસ સ્ટેન્ડમાં પાર્ક કરેલી એસ.ટી. બસ નં. જીજે-૧૮-વાય-૭૪૭૫ માંથી ચોર ઈસમો બે નંગ બેટરી કિં. રૂ. ૧૦,૦૦૦ની ચોરી ગત તા. ૫મીની મોડીરાતથી સવાર સુધીમાં કરી લઈ ગયાની ફરિયાદ મહંમદસફી કરમમીયા મલેકે હિંમતનગર ટાઉનપોલીસમથકે ગતરોજ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઊંઝામાં બે મકાનના તાળા તોડી ૪ લાખની મત્તા ચોરાઈ

ઊંઝા, તા.૯

ઊંઝા શહેરમાં ઠંડીની ઋતુમાં તસ્કરો પુનઃ સક્રિય બનીને ઘરફોડ ચોરીઓ કરી રહ્યા હોઈ શહેરીજનોમાં ભય સાથે ચિંતાની લાગણી પ્રસરી છે.

ઊંઝા શહેરની મધ્યમાં આવેલ નવા કૃષ્ણપરામાં આવેલ બે મકાનોના દરવાજાના તાળાં તોડી અંદર પ્રવેશીને કોઈ તસ્કરો સોના ચાંદીના કિંમતી દાગીના તથા રોકડ રકમ મળી અંદાજે સવા ચાર લાખની કિંમતની મત્તાના મુદ્દામાલની ચોરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં શહેરીજનો ભયભીત બન્યા છે.

વિગત એવી છે કે ઊંઝા બજાર સમિતિમાં કલાર્ક તરીકે નોકરી કરતા અને શહેરના મુખ્ય રાજમાર્ગ પર આવેલ રાધાકૃષ્ણ મંદિર પાસેના નવા કૃષ્ણપરામાં રહેતા મહેન્દ્રભાઈ જયદેવલાલ બારોટ પરિવાર સાથે સામાજીક કામે સિધ્ધપુર સાસરીમાં ગયા હતા ત્યારે રાત્રિના સમયે કોઈ તસ્કરોએ આ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ સૌ પ્રથમ મકાનના દરવાજાના તાળા તથા નકૂચો તોડી નાંખ્યો હતો અને અંદર પ્રવેશી લોખંડનો ટંક તિજોરી તથા સૂટકેશના તાળા તોડી અંદરથી સોના ચાંદીના જુદા જુદા દાગીનાઓ અને ૮૫,૦૦૦ની રોકડ રકમ મળી કુલ ૩,૬૯,૦૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી હતી.

બાદ તસ્કરોએ કૃષ્ણપરામાં જ આવેલ પટેલ સંજયભાઈ મણીલાલના મકાનના દરવાજાનું તાળું તોડી અંદરથી સોના ચાંદીના તેમજ ૧૬,૦૦૦ની રોકડ રકમ મળી કુલ ૪૭,૮૦૦ની મત્તાની ચોરી કરી કયાંક પલાયન થઈ ગયા હતા. આમ એક જ રાતમાં તસ્કરોએ બે મકાનોમાંથી કુલ રૂપિયા ૪,૧૬,૮૦૦ની કિંમતની મત્તાની ઉઠાંતરી કરતાં લોકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**ડીસાની નવજીવન સોસાયટીમાં ગંદકીના લીધે મચ્છર જન્ય રોગ ફેલાતા એક ૧૪ વર્ષીય બાળકી ડેન્ગ્યુંનો ભોગ બનતા હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરાયેલ છે.**



ડીસા શહેરી વિસ્તારમાં આરોગ્ય લક્ષી કામગીરી નબળી પડતા શહેરની મધ્યમાં આવેલ નવજીવન સોસાયટી મચ્છર જન્ય રોગના ભરડામાં ફસાયેલ છે. આ વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષીય બાળકી મચ્છર જન્ય અને જીવલેણ કહી શકાય તેવા ડેન્ગ્યું રોગ તળે સપડાતા શહેરની એક ખાનગી હોસ્પીટલમાં આ બાળકી અંદરના દર્દી તરીકે સારવાર હેઠળ છે. જ્યારે બીજી તરફ આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત વિસ્તારમાં પોરા નાશક કામગીરી હાથ ધરી આ રોગ વધુ ફેલાતો રોકવા દોડધામ મચાવેલ છે.

આ બાબતે માહીતી આપતા ડીસા અર્બન હેલ્થ ઓફીસર હ"ïભાઈ પટેલે જણાવ્યુ હતું. કે "ગઈકાલે શહેરી વિસ્તાર નવજીવન સોસાયટીમાં એક શંકાસ્પદ ડેન્ગ્યું લક્ષણો ધરાવતો કેશ બહાર આવતા અમોએ આરોગ્ય લક્ષી ટીમ સાથે રાખી સમગ્ર વિસ્તારમાં પોરા નાશક કામગીરી કરી તાવના કેશો વાળા તમામ દર્દીઓની ચકાસણી હાથ ધરી હતી તેમજ મચ્છર જન્ય રોગ અટકાવવા જાગૃતિ અભિયાન સ્વરૂપે પત્રિકાઓનું વિતરણ કર્યું હતું. આ રોગ મચ્છર જન્ય હોઈ પાણીનો ભરાવો કરવો નહી તેમજ સ્વચ્છતા જાળવવી અને શરીરપર કપડા આખીબાયના પહેરી મચ્છર સંપર્કથી દુર રહેવાય તેની કાળજી રાખવી" તેવું જણાવ્યું હતું. જ્યારે બીજી તરફ નવજીવન સોસાયટીમાં રહેતાં અમૃતભાઈ શાહની ૧૪ વ"ïય પુત્રી કોમલબેન શાહનો લેબોરેટરી રીપોર્ટ ડેન્ગ્યું પોઝીટીવ આવતા તેને સારવાર અર્થે ડીસામાં આવેલ ડો. રવી પટેલની ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં બે અલગ અલગ અપહરણ અને બળાત્કારની ફરિયાદ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં બે અલગ અલગ સ્થળે અપહરણ કરી મરજી વિરૂદ્ધનું કૃત્ય કર્યું હોવાની ફરિયાદ તલોદ અને ગાંભોઈ પોલીસ સ્ટેશને નોંધાઈ છે.

તલોદ તાલુકાના બડોદરા ગામના વનરાજસિંહ જગતસિંહ ઝાલા ગામની જ સગીરાને ગત તા. ૨ જાન્યુઆરી મોડીરાત્રે લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ જઈ બદનામ કરવાના ઈરાદાથી હેરાન-પરેશાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ તલોદ પોલીસમથકે સગીરાના પિતાએ નોંધાવી છે.

પોલીસે ગુનો નોંધી વધુ તપાસ સી.પી.આઈ. એસ.એમ. પટેલ તેમજ તલોદ પી.એસ.આઈ. એમ.ડી. ચંદ્રવાડીયા કરી રહ્યા છે. જ્યારે બીજો બનાવ હિંમતનગર તાલુકાના ગાંભોઈ ત્રણ રસ્તા ઉપરથી ચારેક માસ અગાઉ ૨૨ વર્ષિય યુવતિને ગોપાલકુંજ જવું છે તેમ કહી મારૂતિમાં બેસાડી લઈ યુવતિને જુદા જુદા સ્થળોએ ફેરવી તેણીની મરજી વિરૂદ્ધ કૃત્ય કર્યું હોવાની ફરિયાદ યુવતિએ રાજુ મણાભાઈ થોરી (રહે. ઉમેદગઢ, તા. ઈડર) સામે નોંધાવી છે. ગાંભોઈ પોલીસમથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આ અંગે વધુ તપાસ પી.એસ.આઈ. જે.આર. ઝાલા કરી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮